# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૨/૧૩૭૬૪ તા.૧૦/૧૦/૨૦૨૨

**પરિપત્ર-૨૮૩૬**

વિષય : પરીક્ષા આવેદન પત્રો ભરવાની અને જમા કરાવવાની સમય મર્યાદા વધારવા બાબત.
સંદર્ભ : આ યુનિવર્સિટીનો પરિપત્ર-૨૮૦૩ અને પરિપત્ર-૨૮૩૧

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા સંલગ્ન વિજ્ઞાન, વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તથા ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભ દર્શિત પરિપત્રથી સેમેસ્ટર-૩ અને સેમેસ્ટર-૫ માં અભ્યાસ કરતા રેગ્યુલર અને રીપીટર વિદ્યાર્થીઓની રેગ્યુલર તથા પાર્ટ એક્ઝામના પરીક્ષા આવેદન પત્રો ભરવાની અને જમા કરાવવાની તારીખો જાહેર કરવામાં આવેલ હતી. માન. કુલપતિશ્રીના માર્ગદર્શન અનુસાર માત્ર બી.એ., બી.કોમ, બી.એસસી. સેમેસ્ટર-૩-૫ અને એમ.એ., એમ.કોમ., એમ.એસસી. સેમેસ્ટર-૩ માટેનાં પરીક્ષા ફોર્મ નિયત ફી + રૂ. ૧૦૦૦/- લેઈટ ફી સાથે ભરવાની અને જમા કરાવવાની સમયમર્યાદા તા.૧૩/૧૦/૨૦૨૨ સુધી વધારવામાં આવે છે. પરીક્ષા આવેદન પત્ર સંબંધિત અન્ય સૂચનાઓ પરિપત્ર-૨૮૦૩ અનુસાર રહેશે. જેની નોધ લેવા અને તે અનુસાર કાર્યવાહી કરવા

આચાર્યશ્રી/કો-ઓર્ડીનેટરશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું ચેકલીસ્ટ, નિયત પરીક્ષા ફી ની **ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ/ફી ભર્યાની રીસીપ્ટ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ ચેકલીસ્ટ રીપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયમાં ૨ (બે) કોપીમાં તા.૧૪/૧૦/૨૦૨૨ સુધીમાં ફક્ત રૂબરૂમાં જમા કરાવવાનો રહેશે. (રજી./સ્પીડ પોસ્ટ/કુરિયર કરવું નહી) (પરીક્ષા આવેદનપત્રની હાર્ડકોપી યુનિવર્સિટીમાં જમા કરાવવાની નથી)**

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તથા ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.